




# સ્પેનમાં વિનાશક પૂર: અનેક શહેરો પાણીથી તરબોળ, 64નાં મોત

**દક્ષિણ** અને પૂર્વી સ્પેનના માલાગાથી વેલેન્સિયા સુધીના વિશાળ વિસ્તારમાં પૂરની સ્થિતિ

**સ્પેનના** હવામાન ખાતાએ આ વરસાદને અસાધારણ ગણાવ્યો

બાર્સેલોના, તા. 30 (એપી): સ્પેનના પૂર્વીય પ્રદેશ વેલેન્સિયામાં ભારે પૂર આવ્યું હતું જેમાં ઓછામાં ઓછા 64 લોકો મૃત્યુ પામ્યા હતાં જ્યારે કારો તણાઈ ગઈ હતી, ગામના રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા હતા અને રેલ લાઇનો અને રાજમાર્ગો હાઈવે ખોરવાઈ ગયા હતા. આ યુરોપિયન દેશમાં તાજેતરમાં આવેલી સૌથી ખરાબ કુદરતી આફત છે.

વેલેન્સિયાના પૂર્વ વિસ્તારમાં ઇમરજન્સી સેવાઓએ બુધવારે 62 લોકનાં મોતની પુષ્ટિ કરી હતી. પાડોશી કેસ્ટિલા લા માંચા વિસ્તારમાં બીજા બે મૃત્યુના અહેવાલ આવ્યા હતા.

મંગળવારે ભારે તોફાન સાથે આવેલા વરસાદના કારણે દક્ષિણ અને પૂર્વી સ્પેનના માલાગાથી વેલેન્સિયા સુધીના વિશાળ વિસ્તારમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. કાદવવાળા પાણી માર્ગો પર આવી જતા વાહનો લપસી ગયા હતા. વિનાશક પૂરથી રસ્તાઓ પર વાહનો તણાવા લાગ્યા હતા. લોકોના ઘરની ચીજવસ્તુઓ તણાઈ ગઈ હતી. પોલીસ અને બચાવ સેવાઓએ લોકોને તેમના ઘરો અને કારમાંથી બહાર કાઢવા માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો.સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝે કહ્યું હતું કે કેટલાંક શહેરોમાં પૂર આવ્યા છે અને ચેતવણી આપી હતી કે જોખમ હજુ સમાપ્ત થયું નથી.સત્તાવાળાઓએ મંગળવારની મોડી રાત્રે ઘણા ગુમ થયેલા લોકોની જાણ કરી હતી, પરંતુ પછીની સવારે ડઝનબંધ મૃત લોકો મળી આવ્યા હોવાની આઘાતજનક જાહેરાત કરવામાં આવી હતી.સ્પેનના ઈમરજન્સી વિભાગના એકમોના 1,000થી વધુ જવાનોને વિનાશગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવ્યા હતા.સ્પેનના હવામાન ખાતાએ આ વરસાદને અસાધારણ ગણાવ્યો હતો. સ્પેનમાં તાજેતરના વર્ષોમાં શિયાળામાં આ જ પ્રકારના તોફાનો આવ્યા હતા, પરંતુ છેલ્લા બે દિવસમાં થયેલા વિનાશની સરખામણીમાં કંઈ નથી. વેલેન્સિયાના એક શહેર યુટીએલના મેયર રિકાર્ડો ગેબાલ્ડોને રાષ્ટ્રીય પ્રસારણકર્તા આરટીવીઈને કહ્યું હતું કે, ગઈકાલે મારા જીવનનો સૌથી ખરાબ દિવસ હતો. તેમણે કહ્યું હતું કે, તેમના શહેરમાં હજી પણ ઘણા લોકો ગુમ છે.રિકાર્ડો ગેબાલ્ડોએ કહ્યું હતું કે, "અમે ઉંદરોની જેમ ફસાઈ ગયા હતા. કાર અને કચરાપેટીઓ શેરીઓમાં વહી રહી હતી. પાણી ત્રણ મીટર સુધી વધી રહ્યું હતું."




## સલમાન ખાનને ફરી મારી નાખવાની ધમકી, રૂ. 2 કરોડની માંગ, બાંદ્રા નિવાસી ઝડપાયો



મુંબઈ, તા. 30 (પીટીઆઈ) : બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને ફરી જાનથી મારી નાખવાની ધમકી મળી છે અને રૂ. 2 કરોડની માંગ કરવામાં આવી છે. ત્યાર બાદ પોલીસે બુધવારે મુંબઈના બાંદ્રાના રહેવાસીની ધરપકડ કરી હતી. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. મુંબઈ ટ્રાફિક પોલીસને મંગળવારે એક અનામી મેસેજ મળ્યો હતો, જેમાં મોકલનારે 58 વર્ષીય અભિનેતાને 2 કરોડ રૂપિયા નહીં ચૂકવે તો તેને મારી નાખવાની ધમકી આપી હતી. એમ અધિકારીએ જણાવ્યું હતું. વર્લી પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બુધવારે પોલીસે બાંદ્રા (પૂર્વ) ના રહેવાસી આઝમ મોહમ્મદ મુસ્તફા નામના એક વ્યક્તિની ધરપકડ કરી હતી, જેણે કથિત રીતે ખાનને જાનથી મારી નાખવાની તાજેતરની ધમકી આપી હતી અને તેની પાસેથી 2 કરોડ રૂપિયાની માંગણી કરી હતી. એમ અધિકારીએ જણાવ્યું હતું. સુપરસ્ટાર મુંબઈના પોશ વિસ્તાર બાંદ્રા (વેસ્ટ) માં ગેલેક્સી એપાર્ટમેન્ટ્સમાં રહે છે, જ્યાં એપ્રિલમાં મોટરસાઇકલ પર આવેલા બે હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. આ મહિનાની શરૂઆતમાં મુંબઈ ટ્રાફિક પોલીસના વોટ્સએપ હેલ્પલાઇન ડેસ્કને અભિનેતા પાસેથી 5 કરોડ રૂપિયાની માંગણી કરતો ધમકીભર્યો મેસેજ મળ્યો હતો. ત્યાર બાદ પોલીસે ધમકીભર્યા મેસેજના સંબંધમાં ઝારખંડના જમશેદપુરમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

મુંબઈ પોલીસે સોમવારે ઉત્તર પ્રદેશના નોઇડામાંથી એક વ્યક્તિની કથિત રીતે ખાન અને એનસીપી નેતા ઝીશાન સિદ્દીકીને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ધરપકડ કરી હતી, જેના પિતા બાબા સિદ્દીકીને 12 ઓક્ટોબરે બાંદ્રા (પૂર્વ) માં ત્રણ બંદૂકધારીઓએ ગોળી મારી હત્યા કરી હતી.

## ફિલ્મ-એડિટર નિષાદ યુસુફ કેરળના એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવ્યા



કોચી, તા. 30 (પીટીઆઈ) : જાણીતા ફિલ્મ-એડિટર નિશાદ યુસુફ બુધવારે વહેલી સવારે અહીંના એક એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. એમ પોલીસે જણાવ્યું હતું. અલપ્પુઝા જિલ્લાના હરિપદના રહેવાસી 43 વર્ષીય ફિલ્મ-એડિટરનો મૃતદેહ સવારે લગભગ 2 વાગ્યે પનામપિલ્લી નગરના એક એપાર્ટમેન્ટમાં મળી આવ્યો હતો. એક પોલીસ-અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટના આત્મહત્યાની હોવાની આશંકા છે. જોકે, તેમણે વધુ વિગતો આપી ન હતી. યુસુફનો મૃતદેહ પોસ્ટમોર્ટમ બાદ પરિવારને સોંપવામાં આવ્યો હતો. 2022માં શ્રેષ્ઠ સંપાદક માટે કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કાર વિજેતા યુસુફની નોંધપાત્ર કૃતિઓમાં 'થલ્લુમાલા', 'ચાવર', 'ઉંડા', 'સાઉદી વેલ્લાક્કા', 'વન', 'ઓપરેશન જાવા', 'બાઝુકા' અને 'કાંગુવા'નો સમાવેશ થાય છે.

# ઈલોન મસ્કે તેના 11 બાળકો અને તેમની માતાઓ માટે રૂ. 290 કરોડનું વિશાળ કમ્પાઉન્ડ ખરીદ્યું

**તેની** તમામ ભૂતપૂર્વ પત્નીઓ અને બાળકો ભેગા રહી શકે સાથે જ તે પોતાના નાના બાળકોને સમય આપી શકે તે માટે આ સંકુલ ખરીદ્યું




વોશિંગ્ટન, તા. 30: ઈલોન મસ્ક તેના વિવિધ ભૂતપૂર્વ અને અગિયાર બાળકોને સાથે રહેવા માટે ટેક્સાસના એક વિશાળ કમ્પાઉન્ડને 35 મિલિયન ડોલરમાં (રૂ. 295 કરોડ) ખરીદ્યું છે, એમ આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું.

અબજોપતિએ તેના વિસ્તરતા પરિવારને ધ્યાનમાં રાખીને મલ્ટિ-મેન્શન ઓસ્ટિન એસ્ટેટ ખરીદ્યું હતું, તેને એવી આશા છે કે તેના સૌથી નાના બાળકો એકબીજાની સાથે મોટા થશે.ચાર આંતરિક સૂત્રોએ ન્યૂયોર્ક ટાઈમ્સને જણાવ્યું હતું કે મસ્કે 14,400 ચોરસ ફૂટની વિશાળ હવેલી ખરીદી હતી જેથી તેનો પરિવાર ભેગી મિલકતમાં રહી શકે, જેથી તે તેના સૌથી નાના બાળકોને સમય આપી શકે.અને જ્યારે તે સ્પષ્ટ નથી કે મસ્કની તમામ ભૂતપૂર્વ પત્નીઓ આ યોજનાને સમર્થન આપે છે કે કેમ, મસ્કના બ્રેઈન ટેક સ્ટાર્ટ-અપ ન્યુરાલિંકના એક્ઝિક્યુટિવ, શિવોન ઝિલિસ પહેલાંથી જ પોતાના બાળકો સાથે ઓસ્ટિન કમ્પાઉન્ડ પરની હવેલીઓમાંના એકમાં જતા રહ્યા હોવાનો અહેવાલ છે.કમ્પાઉન્ડમાં ઈટાલિયન ટસ્કન વિલા જેવી બે મિલકતો અને તેની પાછળ સીધું છ બેડરૂમવાળું ઘર સામેલ છે. મસ્કે ગોપનીય રીતે આ મિલકત ખરીદી

## બ્રિટનની અણુ સંચાલિત સબમરીનના શિપયાર્ડમાં આગ, પરમાણુનું કોઈ જોખમ નહીં

**બે** લોકોને હોસ્પિટલમાં દાખલ કરાયા

લંડન, તા. 30 (એપી): બ્રિટનની અણુ સંચાલિત સબમરીન બનાવતા શિપયાર્ડમાં આગ ફાટી નીકળ્યા પછી બે લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જો કે 'પરમાણુનું કોઈ જોખમ નથી', એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું.

કુમ્બરિયા કોન્સ્ટેબલરીએ જણાવ્યું હતું કે ઉત્તરપશ્ચિમ ઈંગ્લેન્ડના બેરો-ઈન-ફર્નેસમાં બીએઈ સિસ્ટમ્સ શિપયાર્ડમાં મધ્યરાત્રિ પછી તરત જ નોંધપાત્ર આગ ફાટી નીકળી હતી.

ગઈરાત્રીએ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડીયોમાં દેખાય છે કે ડેવોનશાયર ડોક હોલ બિલ્ડીંગમાંથી આગની જ્વાળાઓ નીકળી રહી હતી જ્યારે એલાર્મ વાગી રહ્યો હતો.

'જ્યારે મેં આગળનો દરવાજો ખોલ્યો, ત્યારે અમને ઘણો કાળો ધુમાડો દેખાયો. જે ખરેખર જાડા કાળા ધુમાડા જેવો હતો, અને તે ખૂબ જ જોરથી નીકળી રહ્યો હતો', એમ શિપયાર્ડની બાજુમાં રહેતી ડોના બટલરે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે બે લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જેમને શ્વાસ લેવામાં સમસ્યા આવી રહી હતી અને અન્ય કોઈ જાનહાનિ થઈ ન હતી. તેમણે નજીકમાં રહેતા લોકોને ઘરની અંદર રહેવા અને દરવાજા અને બારીઓ બંધ રાખવાની સલાહ આપી હતી.

## બ્રિટનનાં નાણા મંત્રીએ વેરામાં 40 બિલિયન પાઉન્ડના વધારા સાથેનું બજેટ રજૂ કર્યું

**મંત્રીએ** જાહેર સેવાઓને પુન:સ્થાપિત કરવાનું અને વધુ રોકાણનું વચન આપ્યું

લંડન, તા. 30 (એપી): બ્રિટીશ ટ્રેઝરીના વડા રચેલ રીવ્સે બુધવારે સાંસદોને જણાવ્યું હતું કે વિકાસને વેગ આપવા માટે જાહેર નાણાકીય અને રોકાણ પ્રોજેક્ટ્સમાં સુધારો કરવા માટે વેરામાં 40 બિલિયન પાઉન્ડનો (52 બિલિયન ડોલર) વધારો થશે. આ વર્ષની શરૂઆતમાં 14 વર્ષમાં પ્રથમ વખત સત્તા પર પાછા ફર્યા પછી લેબર પાર્ટીના પ્રથમ બજેટમાં, રીવ્સે જણાવ્યું હતું કે તે નાણાંનો ઉપયોગ 'રોકાણ અને માત્ર રોકાણ' અને અર્થતંત્રને આગળ વધારવા માટે કરશે. રીવ્સે કહ્યું હતું કે અગાઉની કન્ઝર્વેટિવ સરકાર દ્વારા છોડી દેવામાં આવેલા આર્થિક 'બ્લેક હોલ'ને કારણે વેરો વધારવાની જરૂર પડી છે. 'હું અમારી જાહેર નાણાકીય સ્થિતિમાં સ્થિરતા પુન:સ્થાપિત કરી રહી છું અને અમારી જાહેર સેવાઓનું પુન:નિર્માણ કરી રહી છું', એમ તેમણે કહ્યું. કન્ઝર્વેટિવ સરકારો હેઠળ વર્ષોના અશાંતિ અને કૌભાંડોને દૂર કરવા, બ્રિટનની અર્થવ્યવસ્થાને આગળ વધારવા અને અવ્યવસ્થિત જાહેર સેવાઓને પુન:સ્થાપિત કરવાનું વચન આપ્યા પછી મધ્ય-ડાબેરી પક્ષ 4 જુલાઈએ ચૂંટણીમાં વિજયી થયો હતો.

બજેટ વર્તમાન સંસદના કાર્યકાળની અવધિ નિર્ધારીત કરી શકે છે, જેની મુદ્દત 2029 સુધી છે. સાથે જ આગામી ચૂંટણીમાં બીજી ટર્મ માટે જીતવાની પાર્ટીની ક્ષમતા પણ નક્કી થશે.

## અવકાશયાનના સફળ પ્રક્ષેપણ બાદ ચીનના ત્રણ અવકાશયાત્રીઓ સ્પેસ સ્ટેશનમાં પ્રવેશ્યા

**મહિલા** સહિતના ત્રણ અવકાશયાત્રીઓ આગામી 6 મહિના સુધી ચીની સ્પેસ સ્ટેશનનું પ્રબંધન કરશે

બીજિંગ-જિક્વુઆન, તા. 30 (પીટીઆઈ): એક મહિલા સહિત ત્રણ ચીની અવકાશયાત્રીઓએ બુધવારે તેમના અવકાશયાનના સફળ પ્રક્ષેપણ પછી પરિભ્રમણ કરી રહેલા સ્પેસ સ્ટેશનમાં સરળતાથી પ્રવેશ કર્યો હતો, તેઓ આગામી છ મહિના સુધી સ્ટેશનનું પ્રબંધન કરશે.

ચીનના શેનઝોઉ-19 સ્પેસફ્લાઈટ મિશનના ત્રણ અવકાશયાત્રીઓ ટિઆંગોંગ સ્પેસ સ્ટેશનમાં પ્રવેશ્યા હતા અને અન્ય અવકાશયાત્રી ત્રિપુટી સાથે મુલાકાત કરી હતી, જે ઈન-ઓર્બિટ ક્રૂ હેન્ડઓવરનો નવો તબક્કો શરૂ કરે છે, એમ ચાઈના મેન્ડ સ્પેસ એજન્સીએ (સીએમએસએ) અહીં જાહેરાત કરી હતી.

અગાઉ, આ ત્રણ અવકાશયાત્રીઓને લઈ જતા અવકાશયાન શેનઝોઉ-19એ સ્પેસ સ્ટેશન કોમ્બીનેશન સાથે સફળતાપૂર્વક જોડાણ કર્યું હતું.

અવકાશયાને સ્પેસ સ્ટેશનના કોર મોડ્યુલ ટિયાન્હેના ફ્રન્ટ પોર્ટ સાથે સવારે 11 વાગ્યે (બીજિંગ સમયાનુસાર) ઝડપી, સ્વચાલિત મેળાપ અને ડોકીંગ કર્યું હતું, ત્યારબાદ ત્રણ અવકાશયાત્રીઓ તેમાં પ્રવેશ્યા હતા, એમ સીએમએસએએ જણાવ્યું હતું.

છેલ્લા છ મહિનાથી સ્ટેશનનું સંચાલન કરનારા ત્રણ સભ્યોના ક્રૂ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

બુધવારની વહેલી સવારે, ઉત્તરપશ્ચિમ ચીનમાં જીક્વુઆન સેટેલાઈટ લોન્ચ સેન્ટરમાંથી લોંગ માર્ચ-2એફ કેરિયર રોકેટ દ્વારા શેનઝોઉ-19 અવકાશયાન સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું.

પ્રક્ષેપણના લગભગ 10 મિનિટ પછી, શેનઝોઉ-19 અવકાશયાન રોકેટથી અલગ થઈ ગયું હતું અને તેની નિર્ધારીત ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું હતું.

